| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ : | ૦૯/૦૬/૨૦૨૫ | | |
| દાખલ તારીખ : | ૦૯/૦૬/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ : | ૨૧/૦૪/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૭ | ૧૫ |

**<u>માલપુરના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. શ્રીની અદાલતમાં, મુ.માલપુર</u>**

**<u>ફોજદારી કેસ નં.૩૪૪/૨૦૨૫</u>**

આંક:-૨૮

**ફરીયાદી:-** શ્રી સરકાર (દિલીપભાઈ કાળુભાઈ મકવાણા)
રહે. નીંદકાપુર્વ(ચાંદલી), તા.ફતેપુરા, જી.દાહોદ.

**વિરુધ્ધ**

**આરોપી :-** ગટુભાઈ ભગુભાઈ કટારા,

રહે. કટારાપાડા ધનગાવ, તા.ચીખલી,જી.ડુંગરપુર(રાજસ્થાન)

**ગુન્હો:-** બી.એન.એસ.ની કલમ-૨૮૧,૧૦૬(૧)૧૨૫(એ),૧૨૫(બી),તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪(બી)મુજબ.

---

- **ફરિયાદ પક્ષ તરફે** – વિ.એ.પી.પી.શ્રી આઈ.એચ.બલોચ
- **આરોપી પક્ષ તરફે** – વિ.વ શ્રી એમ.બી.તરાર

---

**<u>// ચુ કા દો //</u>**

(૧)... ફરીયાદ પક્ષનાં કેસની સંક્ષિપ્તમાં હકિકત એવી છે કે, આ કામનાં કોલમ નં.(૧) માં જણાવેલ આરોપીએ તા.૨૦.૦૨.૨૦૨૫ ના કલાક ૨૨/૩૦ વાગ્યે મોજે સોમપુરથી ધનસુરા તરફ જતા રોડ ઉપર લાલાવાડા ગામની સીમમાં આ કામનાં આઈવા ડંફર નંબર- GJ-31-T-4489 ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી આવતા સ્વરાજ

ટ્રેકટર નંબર– GJ-20-N-8579 ને સામેથી ટકકર મારી ટ્રેકટરને ટ્રોલી સાથે પલ્ટી ખવડાવી ટ્રેકટરમાં બેસેલ આ કામનાં ફરિયાદીશ્રી તેમજ સાહેદો (૧) કલ્પેશભાઈ રિશ્માભાઈ મકવાણા ઉ.વ.૨૭ (૨) સુરેશભાઈ કાળુભાઈ મકવાણા ઉ.વ.૨૨ નાઓને ડાબા પગે ફેકચર કરી તેમજ (૩) ઉષાબેન દિલીપભાઈ મકવાણા ઉ.વ.૨૫ (૪) સેજલબેન રિશ્માભાઈ મકવાણા ઉ.વ.૧૮ (૫) અલ્પેશભાઈ રિશ્માભાઈ મકવાણા ઉ.વ. ૧૮ નાઓને શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી પોતાનું વાહન સ્થળ ઉપર મુકી નાસી જઈ આરોપીએ બી.એન.એસ.ની કલમ – ૨૮૧,૧૦૬(૧),૧૨૫(એ),૧૨૫(બી), તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ. જે અંગે આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી થવા સારુ ફરીયાદીએ પોલીસ મથકે બનાવની હકીકત જાહેર કરતા પોલીસે ફરીયાદ આધારે આરોપી વિરુધ્ધ ગુન્હો રજીસ્ટર કરી, તપાસનાં અંતે સદર ગુના અન્વયે તે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા કોર્ટમાં સદર ગુના અન્વયેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨)... ત્યારબાદ ચાર્જશીટ સાથે આરોપી અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ, આરોપીનું **બી.એન.એસ.એસની કલમ–૨૭૪** અન્વયે નિવેદન આંક:–૦૩ થી નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તહોમતની કબુલાતનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષને પુરાવો રજુ કરવા જણાવેલ.

(૩)... આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

## // મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //

| અ.નં | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી– દિલીપભાઈ કાળુભાઈ મકવાણાની જુબાની | ૧૦ |
| ૨ | ફરીયાદ | ૧૧ |
| ૩ | સાહેદ – ઉષાબેન દિલીપભાઈ મકવાણાની જુબાની | ૧૨ |
| ૪ | સાહેદ – કૈલાશબેન દિનેશભાઈ તાવીયાડની જુબાની | ૧૩ |
| ૫ | સાહેદ – સેજલબેન રશ્મિભાઈ મકવાણાની જુબાની | ૧૪ |
| ૬ | સાહેદ –અલ્પાબેન કલ્પેશભાઈ મકવાણાની જુબાની | ૧૫ |
| ૭ | સાહેદ– અલ્પેશભાઈ રશ્મિભાઈ મકવાણાની જુબાની | ૧૬ |
| ૮ | સાહેદ–સુરેશભાઈ કાળુભાઈ મકવાણાની જુબાની | ૧૭ |
| ૯ | મરણોત્તર પંચનામુ | ૧૮ |
| ૧૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૯ |
| ૧૧ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૨૦ |
| ૧૨ | ઉષાબેન દિલીપભાઈ મકવાણાનું સારવાર પ્રમાણપત્ર | ૨૧ |
| ૧૩ | કૈલાશબેન દિનેશભાઈ તાવીયાડનું સારવાર પ્રમાણપત્ર | ૨૨ |
| ૧૪ | એમ.એલ.સી સર્ટીફિકેટ | ૨૩ |
| ૧૨ | કલ્પેશભાઈ રશ્મિભાઈ ની પી.એમ.નોટ | ૨૪ |
| ૧૩ | વ્હીકલ ઈન્સ્પેકશન રીકવેસ્ટ રીપોર્ટ | ૨૫ |
| ૧૪ | એકિસડેન્ટ ઈન્સ્પેકશન રીપોર્ટ | ૨૬ |

(૪)... ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષે મહત્વના સાહેદોને તપાસ્યા બાદ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક રીતે પુરાવો પૂરો થયાનું જણાવેલ હોય તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓને તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં,**નામ.સુપ્રિમ કોર્ટના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫,''સતીષ મહેરા વિ. દિલ્હી એડ મિનિસ્ટ્રેશન'' તથા (૨૦૦૮)૯, એસ.સી.સી., ૬૭૭, ''નિખિલ મરચન્ટ વિ. સી.બી. આઈ.'' તથા (૨૦૦૮)૪, એસ.સી.સી., ૫૮૨, ''મદનમોહન**

**વિ. સ્ટેટ ઓફ પંજાબ''**ના ચુકાદાઓમાં નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે, ફરીયાદી/ત્રાહીત પક્ષકારની જુબાનીમા ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતી હકીકત આવતી ન હોય તેવા સંજોગોમા કોર્ટે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફ્યુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિદ્ધાંત ધ્યાને લઈ, ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો કરવામાં આવેલ છે.

આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીનું બી.એન.એસ.એસ ની કલમ-૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોધવાલાયક પુરાવો ન જણાતા આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૫)... ઉપરોકત હકિકતે સદર કેસના ન્યાયીક નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં કોલમ નં.(૧) માં જણાવેલ આરોપીએ તા.૨૦.૦૨.૨૦૨૫ ના કલાક ૨૨/૩૦ વાગ્યે મોજે સોમપુરથી ધનસુરા તરફ જતા રોડ ઉપર લાલાવાડા ગામની સીમમાં આ કામનાં આઈવા ડંફર નંબર- **GJ-31-T-4489** ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી આવતા સ્વરાજ ટ્રેકટર નંબરv **GJ-20-N-8579** ને સામેથી ટકકર મારી ટ્રેકટરને ટ્રોલી સાથે પલ્ટી ખવડાવી ટ્રેકટરમાં બેસેલ આ કામનાં ફરિયાદીશ્રી તેમજ સાહેદો (૧) કલ્પેશભાઈ રિશ્માભાઈ મકવાણા ઉ.વ.૨૭ (૨) સુરેશભાઈ કાળુભાઈ મકવાણા ઉ.વ.૨૨ નાઓને ડાબા પગે ફ્રેકચર કરી તેમજ (૩) ઉષાબેન દિલીપભાઈ મકવાણા ઉ.વ.૨૫ (૪) સેજલબેન રિશ્માભાઈ મકવાણા ઉ.વ.૧૮ (૫) અલ્પેશભાઈ રિશ્માભાઈ મકવાણા ઉ.વ. ૧૮ નાઓને શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી પોતાનું વાહન સ્થળ ઉપર મુકી નાસી જઈ આરોપીએ **ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧,૧૦૬(૧),૧૨૫(એ),૧૨૫(બી),તથા એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪(બી)** મુજબના શિક્ષાને પાત્ર ગુના ગુન્હાઓ કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬)... ઉપરોકત મુદાઓના મારા ટૂંકમાં નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) છેવટના હુકમ મુંજબ

**//નિર્ણય અંગેનાં કારણો //**

**મુદા નં.૧ :-**

(૭)... ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમત પુરવાર કરવા સારુ તપાસવામાં આવેલ **ફરીયાદી દિલીપભાઈ કાળુભાઈ મકવાણાએ** તેમની **આંક- ૧૦** ની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવની ચોકકસ તારીખ તેઓને યાદ નથી. પરંતુ બનાવ એક વર્ષ અગાઉ બનેલ બનાવ સમયે તેઓ તેમનું ટ્રેકટર નં.જી.જે.૨૦ એન.૮૫૭૯ ટોલી સાથે લઇને ઉષાબેન દીલીપભાઇ મકવાણા,સુરેશભાઇ કાળુભાઇ મકવાણા, કલ્પેશભાઇ રીસ્માભાઇ મકવાણા, અલ્પેશભાઇ રીસ્માભાઇ મકવાણા, સેજલબેન રીસ્માભાઇ મકવાણા નાઓ પ્રાંતિજ મુકામે મજુરી માટે જતા હતા અને બનાવ સમયે ટેકટર તેઓ ચલાતા હતા. રાત્રે સાડા દશ વાગે માલપુર થી સોમપુર ચોકડી થઇ તેઓ બધા ધનસુરા તરફ જતા હતા ત્યારે લાલાવાડા ગામની સીમમાં સામેથી આઇવા ડમ્ફરનો ચાલક તેનુ ડમ્ફર લઇને આવેલ અને તેમના ટેકટરને આગળના ભાગેથી ટકકર મારી અકસ્માત કરેલ જેથી ટેકટર પલટી ખાઇ ગયેલ અને તે વખતે તેઓ તમામ ઇસમો ટેકટરની બહાર ફેકાઇ ગયેલ અને તેઓ તમામને શરીરે વત્તા ઓછી ઇજાઓ થયેલ અને અકસ્માત કરનાર ડમ્ફરનો આર.ટી.ઓ રજી.નં.જી.જે.૩૧ ટી.૪૪૮૯ હતો.અકસ્માત થતા ડમ્ફરનો ચાલક બનાવ સ્થળેથી નાસી ગયેલો ત્યારબાદ ટોળુ ભેગુ થતા તેઓને બહારકાઢી ૧૦૮ માં સારવાર માટે માલપુર લાવેલ અને તેમાનામાંથી અમુક ઇસમોને ગંભીર ઇજાઓ થયેલ હોય મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં લઇ ગયેલ અને આ અકસ્માતમાં કલ્પેશભાઇને ગંભીર ઇજાઓ થયેલ હોય તેઓનુ અવશાન થયેલુ તથા સુરેશભાઇને નાક ઉપર અને

માથાના ભાગે તથા ડાબા પગે ફેક્ચર થયેલ તેમની વધુ સારવાર એઈમ્સ હોસ્પીટલ મોડાસા  થયેલ તથા આ અકસ્માતમાં ઉષાબેનને માથાના ભાગે તેમજ ખભાના ભાગે બંન્ને પગો પર ઈજાઓ થયેલ તથા સેજલબેન અને અલ્પેશભાઈને પણ ગંભીર ઈજાઓ થતા મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ આ અકસ્માતમાં તેઓને ડાબા પગે સાથળના ભાગે ઈજઓ થયેલ બનાવ સમયે અકસ્માત કરનાર આઈવા ડમ્ફર ગાડીની ઝડપ કેટલી હતી તથા અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતુ હતુ તેની તેઓને ખબર નથી. બનાવ બાબતેની ફરીયાદ તેઓએ માલપુર પો સ્ટેશન આપેલી જે અસલ ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે અસલ ફરીયાદ કામમાં રજુ દાખલ આંક-૧૧ આપવામાં આવેલ છે. આરોપીઓને તેઓ ઓળખતા નથી.

વધુમાં, સદર ફરિયાદીને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જેમા વિ.એ.પી.પી.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ જણાવેલ છે  કે, એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આઈવા ડમ્ફરના ચાલકે તેના કબજાનું ડમ્ફર પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સામેથી ટકકર મારતા અકસ્માતનો બનાવ બનેલો.

વધુમાં, આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર ફરિયાદીએ જણાવેલ છે કે, અકસ્માત કરનાર વાહન ચાલકને તેઓ ઓળખતા નથી.બનાવ સમયે અકસ્માત કરનાર વાહનની ઝડપ કેટલી હતી તેની તેઓને ખબર નથી. બનાવ સમયે રાત્રે સાડા દશ કલાકે અંધારુ હોય અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓએ જોયેલ નહી. ફરિયાદી સ્વેચ્છાએ જણાવે છે કે તઓને ટોળામાંથી કોઇએ નંબર આપેલ હતો જે તેઓએ તેમની ફરીયાદમાં લખાવેલ. ફરીયાદ તેમની સાથેનાં માણસોએ લખાવેલ અને તેઓએ ફકત તેમાં સહી કરેલી. અકસ્માતમાં ગુજરનાર તેમજ ઈજા પામનાર તેમના સંબધીઓ હોય વળતર મેળવવા માટે ખોટી ફરીયાદ કરેલી છે.

(૮)... ફરિયાદપક્ષ તરફે **આંક–૧૨ થી સાહેદ ઉષાબેન દિલીપભાઈ મકવાણાને** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવની ચોકકસ તારીખ તેઓને યાદ નથી.પરંતુ બનાવ એક વર્ષ અગાઉ બનેલ બનાવ સમયે દીલીપભાઇ તેમનુ ટેકટર નં.જી.જે.૨૦.એન.૮૫૭૯ ટોલી સાથે લઇને તેઓ તથા દીલીપભાઇ મકવાણા,સુરેશભાઈ કાળુભાઇ મકવાણા, કૈલાશબેન દીનેશભાઈ, કલ્પેશભાઈ રીસ્માભાઈ મકવાણા, અલ્પેશભાઈ રીસ્માભાઈ મકવાણા, સેજલબેન રીસ્માભાઈ મકવાણા નાઓ પ્રાંતિજ મુકામે મજુરી માટે જતા હતા અને બનાવ સમયે દીલીપભાઈ ટેકટર ચલાવતા હતા રાત્રે સાડા દશ વાગે માલપુર થી સોમપુર ચોકડી થઇ તેઓ બધા ધનસુરા તરફ જતા હતા ત્યારે લાલાવાડા ગામની સીમમાં સામેથી આઇવા ડમ્ફરનો ચાલક તેનુ ડમ્ફર લઇને આવેલ અને તેઓના ટેકટરને આગળના ભાગેથી ટકકર મારી અકસ્માત કરેલ જેથી ટેકટર પલટી ખાઇ ગયેલ અને તે વખતે તેઓ તમામ ઇસમો ટેકટરની બહાર ફેકાઈ ગયેલ અને તેઓ તમામને શરીરે વત્તા ઓછી ઈજાઓ થયેલ અને અકસ્માત કરનાર ડમ્ફરનો આર.ટી.ઓ રજી.નં.જી.જે.૩૧ ટી.૪૪૮૯ હતો.અકસ્માત થતા ડમ્ફરનો ચાલક બનાવ સ્થળેથી નાસી ગયેલો ત્યારબાદ ટોળુ ભેગુ થતા તેઓને બહારકાઢી ૧૦૮ માં સારવાર માટે માલપુર લાવેલ અને તેમનામાંથી અમુક ઇસમોને ગંભીર ઈજાઓ થયેલ હોય મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં લઇ ગયેલ અને આ અકસ્માતમાં કલ્પેશભાઇને ગંભીર ઈજાઓ થયેલ હોય તેઓનુ અવશાન થયેલુ તથા સુરેશભાઇને નાક ઉપર અને માથાના ભાગે તથા ડાબા પગે ફેક્ચર થયેલ તેમની વધુ સારવાર એઇમ્સ હોસ્પીટલ મોડાસા થયેલ તથા આ અકસ્માતમાં તેઓને માથાના ભાગે તેમજ ખભાના ભાગે બંન્ને પગો પર ઈજાઓ થયેલ તથા સેજબેન અને અલ્પેશભાઇને પણ ગંભીર ઈજાઓ થતા મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ આ અકસ્માતમાં દીલીપભાઇને ડાબા પગે સાથળના ભાગે ઈજાઓ થયેલ બનાવ સમયે અકસ્માત કરનાર આઇવા ડમ્ફર ગાડીની ઝડપ કેટલી હતી તથા અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતુ હતુ તેની તેઓને ખબર નથી.બનાવ બાબતે ત.ક.અ.એ તેઓનું નિવેદન લીધેલ. આરોપીને તેઓ ઓળખતા નથી.

વધુમાં, સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જેમા વિ.એ.પી.પી.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ જણાવેલ છે કે, એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આઈવા ડમ્ફરના ચાલકે તેના કબજાનું ડમ્ફર પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સામેથી ટકકર મારતા અકસ્માતનો બનાવ બનેલો.

વધુમાં, આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે,અકસ્માત કરનાર વાહન ચાલકને તેઓ ઓળખતા નથી. બનાવ સમયે અકસ્માત કરનાર વાહનની ઝડપ કેટલી હતી તેની તેઓને ખબર નથી.બનાવ સમયે રાત્રે સાડા દશ કલાકે અંધારુ હોય અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓએ જોયેલ નહી. પોલીસે ફકત તેઓનુ નામ પુછેલુ તે સીવાય બીજુ કઈ પુછેલ નહી. અકસ્માતમાં ગુજરનાર તેમજ ઈજા પામનાર તેમના સંબધીઓ હોય વળતર મેળવવા માટે ખોટી ફરીયાદ કરેલ છે અને તેના સમર્થનમાં આજરોજ તેઓએ ખોટી જુબાની આપી છે.

(૯)... ફરિયાદપક્ષ તરફે **આંક–૧૩થી સાહેદ કૈલાશબેન દિનેશભાઈ તાવીયાડનાઓને** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવની ચોકકસ તારીખ તેઓને યાદ નથી. પરંતુ બનાવ એક વર્ષ અગાઉ બનેલ બનાવ સમયે દીલીપભાઈ તેમનુ ટેકટર નં.જી.જે.૨૦ એન.૮૫૭૯ ટોલી સાથે લઈને તેઓ તથા દીલીપભાઈ મકવાણા,સુરેશભાઈ કાળુભાઈ મકવાણા, ઉષાબેન દીનેશભાઈ, કલ્પેશભાઈ રીસ્માભાઈ મકવાણા, અલ્પેશભાઈ રીસ્માભાઈ મકવાણા, સેજલબેન રીસ્માભાઈ મકવાણા નાઓ પ્રાંતિજ મુકામે મજુરી માટે જતા હતા અને બનાવ સમયે દીલીપભાઈ ટેકટર ચલાવતા હતા રાત્રે સાડા દશ વાગે માલપુર થી સોમપુર ચોકડી થઈ તેઓ બધા ધનસુરા તરફ જતા હતા ત્યારે લાલાવાડા ગામની સીમમાં સામેથી આઈવા ડમ્ફરનો ચાલક તેનુ ડમ્ફર લઈને આવેલ અને તેમના ટેકટરને આગળના ભાગેથી ટકકર મારી અકસ્માત કરેલ જેથી ટેકટર પલટી ખાઈ ગયેલ અને તે વખતે તેઓ તમામ ઈસમો ટેકટરની બહાર ફેકાઈ ગયેલ અને તેઓ તમામને

શરીરે વત્તા ઓછી ઈજાઓ થયેલ અને અકસ્માત કરનાર ડમ્ફરનો આર.ટી.ઓ રજી.નં.જી.જે.૩૧ ટી.૪૪૮૯ હતો.અકસ્માત થતા ડમ્ફરનો ચાલક બનાવ સ્થળેથી નાસી ગયેલો ત્યારબાદ ટોળુ ભેગુ થતા તેઓને બહારકાઢી ૧૦૮ માં સારવાર માટે માલપુર લાવેલ અને તેમનામાંથી અમુક ઈસમોને ગંભીર ઈજાઓ થયેલ હોય મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં લઈ ગયેલ અને આ અકસ્માતમાં કલ્પેશભાઈને ગંભીર ઈજાઓ થયેલ હોય તેઓનુ અવશાન થયેલુ તથા સુરેશભાઈને નાક ઉપર અને માથાના ભાગે તથા ડાબા પગે ફ્રેક્ચર થયેલ તેમની વધુ સારવાર એઈમ્સ હોસ્પીટલ મોડાસા થયેલ તથા આ અકસ્માતમાં ઉષાબેનને માથાના ભાગે તેમજ ખભાના ભાગે બંન્ને પગો પર ઈજાઓ થયેલ તથા સેજલબેન અને અલ્પેશભાઈને પણ ગંભીર ઈજાઓ થતા મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ આ અકસ્માતમાં દીલીપભાઈને ડાબા પગે સાથળના ભાગે ઈજાઓ થયેલ બનાવ સમયે અકસ્માત કરનાર આઈવા ડમ્ફર ગાડીની ઝડપ કેટલી હતી તથા અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતુ હતુ તેની તેઓને ખબર નથી.બનાવ બાબતે ત.ક.અ.એ તેમનું નિવેદન લીધેલ. આરોપીને તેઓ ઓળખતા નથી.

વધુમાં, સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જેમા વિ.એ.પી.પી.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ જણાવેલ છે કે, એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આઈવા ડમ્ફરના ચાલકે તેના કબજાનું ડમ્ફર પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સામેથી ટકકર મારતા અકસ્માતનો બનાવ બનેલો.

વધુમાં, આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે,અકસ્માત કરનાર વાહન ચાલકને તેઓ ઓળખતા નથી. બનાવ સમયે અકસ્માત કરનાર વાહનની ઝડપ કેટલી હતી તેની તેઓને ખબર નથી.બનાવ સમયે રાત્રે સાડા દશ કલાકે અંધારુ હોય અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓએ જોયેલ નહી. પોલીસે ફકત તેઓનુ નામ પુછેલુ તે સીવાય બીજુ કઈ પુછેલ નહી. અકસ્માતમાં ગુજરનાર તેમજ ઈજા પામનાર

તેમના સંબધીઓ હોય વળતર મેળવવા માટે ખોટી ફરીયાદ કરેલ છે અને તેના સમર્થનમાં આજરોજ તેઓએ ખોટી જુબાની આપી છે.

(૧૦)... ફરિયાદપક્ષ તરફે **આંક–૧૪થી સાહેદ સેજલબેન રિશ્માભાઈ મકવાણાનાઓને** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવની ચોકકસ તારીખ તેઓને યાદ નથી. પરંતુ બનાવ એક વર્ષ અગાઉ બનેલ બનાવ સમયે દીલીપભાઇ તેમનુ ટેકટર નં.જી.જે.૨૦ એન.૮૫૭૯ ટોલી સાથે લઇને તેઓ તથા દીલીપભાઇ મકવાણા,સુરેશભાઇ કાળુભાઇ મકવાણા, કૈલાસબેન દિનેશભાઇ, કલ્પેશભાઇ રીસ્માભાઇ મકવાણા, અલ્પેશભાઇ રીસ્માભાઇ મકવાણા, ઉષાબેન દીનેશભાઇ, નાઓ પ્રાંતિજ મુકામે મજુરી માટે જતા હતા અને બનાવ સમયે દીલીપભાઇ ટેકટર ચલાવતા હતા રાત્રે સાડા દશ વાગે માલપુર થી સોમપુર ચોકડી થઇ તેઓ બધા ધનસુરા તરફ જતા હતા ત્યારે લાલાવાડા ગામની સીમમાં સામેથી આઇવા ડમ્ફરનો ચાલક તેનુ ડમ્ફર લઇને આવેલ અને તેમના ટેકટરને આગળના ભાગેથી ટકકર મારી અકસ્માત કરેલ જેથી ટેકટર પલટી ખાઇ ગયેલ અને તે વખતે તેઓ તમામ ઇસમો ટેકટરની બહાર ફેકાઇ ગયેલ અને તેઓ તમામને શરીરે વત્તા ઓછી ઈજાઓ થયેલ અને અકસ્માત કરનાર ડમ્ફરનો આર.ટી.ઓ રજી.નં.જી.જે.૩૧ ટી.૪૪૮૯ હતો.અકસ્માત થતા ડમ્ફરનો ચાલક બનાવ સ્થળેથી નાસી ગયેલો ત્યારબાદ ટોળુ ભેગુ થતા તેઓને બહારકાઢી ૧૦૮ માં સારવાર માટે માલપુર લાવેલ અને તેમનામાંથી અમુક ઇસમોને ગંભીર ઈજાઓ થયેલ હોય મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં લઇ ગયેલ અને આ અકસ્માતમાં કલ્પેશભાઇને ગંભીર ઈજાઓ થયેલ હોય તેઓનુ અવશાન થયેલુ તથા સુરેશભાઇને નાક ઉપર અને માથાના ભાગે તથા ડાબા પગે ફ્રેક્ચર થયેલ તેમની વધુ સારવાર એઇમ્સ હોસ્પીટલ મોડાસા થયેલ તથા આ અકસ્માતમાં ઉષાબેનને માથાના ભાગે તેમજ ખભાના ભાગે બંન્ને પગો પર ઈજાઓ થયેલ તથા તેઓને અને અલ્પેશભાઇને પણ ગંભીર ઈજાઓ થતા મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ આ અકસ્માતમાં દીલીપભાઇને ડાબા પગે સાથળના ભાગે ઈજાઓ થયેલ બનાવ સમયે અકસ્માત કરનાર આઇવા ડમ્ફર ગાડીની ઝડપ કેટલી હતી તથા અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતુ હતુ

તેની તેઓને ખબર નથી.બનાવ બાબતે ત.ક.અ.એ તેમનું નિવેદન લીધેલ. આરોપીને તેઓ ઓળખતા નથી.

વધુમાં, સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જેમા વિ.એ.પી.પી.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ જણાવેલ છે કે, એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આઈવા ડમ્ફરના ચાલકે તેના કબજાનું ડમ્ફર પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સામેથી ટકકર મારતા અકસ્માતનો બનાવ બનેલો.

વધુમાં, આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે,અકસ્માત કરનાર વાહન ચાલકને તેઓ ઓળખતા નથી. બનાવ સમયે અકસ્માત કરનાર વાહનની ઝડપ કેટલી હતી તેની તેઓને ખબર નથી.બનાવ સમયે રાત્રે સાડા દશ કલાકે અંધારુ હોય અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓએ જોયેલ નહી. પોલીસે ફકત તેઓનુ નામ પુછેલુ તે સીવાય બીજુ કઈ પુછેલ નહી. અકસ્માતમાં ગુજરનાર તેમજ ઈજા પામનાર તેમના સંબધીઓ હોય વળતર મેળવવા માટે ખોટી ફરીયાદ કરેલ છે અને તેના સમર્થનમાં આજરોજ તેઓએ ખોટી જુબાની આપી છે.

(૧૧)... ફરિયાદપક્ષ તરફે **આંક–૧૫થી સાહેદ અલ્પાબેન કલ્પેશભાઈ મકવાણાનાઓને** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવની ચોકકસ તારીખ તેઓને યાદ નથી.પરંતુ બનાવ એક વર્ષ અગાઉ બનેલ બનાવ સમયે દીલીપભાઇ તેમનુ ટેકટર નં.જી.જે.૨૦ એન.૮૫૭૯ ટોલી સાથે લઈને તેઓ તથા દીલીપભાઇ મકવાણા,સુરેશભાઇ કાળુભાઇ મકવાણા, કૈલાશબેન દીનેશભાઇ, કલ્પેશભાઇ રીસ્માભાઇ મકવાણા, અલ્પેશભાઇ રીસ્માભાઇ મકવાણા, સેજલબેન રીસ્માભાઇ મકવાણા નાઓ પ્રાંતિજ મુકામે મજુરી માટે જતા હતા અને બનાવ સમયે દીલીપભાઇ ટેકટર ચલાવતા હતા રાત્રે સાડા દશ વાગે માલપુર થી સોમપુર ચોકડી થઇ તેઓ બધા ધનસુરા તરફ જતા હતા ત્યારે લાલાવાડા ગામની સીમમાં સામેથી આઇવા ડમ્ફરનો ચાલક તેનુ ડમ્ફર લઈને આવેલ અને તેમના

ટેકટરને આગળના ભાગેથી ટકકર મારી અકસ્માત કરેલ જેથી ટેકટર પલટી ખાઇ ગયેલ અને તે વખતે તેઓ તમામ ઈસમો ટેકટરની બહાર ફેકાઇ ગયેલ અને તેઓ તમામને શરીરે વત્તા ઓછી ઈજાઓ થયેલ અને અકસ્માત કરનાર ડમ્ફરનો આર.ટી.ઓ રજી.નં.જી.જે.૩૧ ટી.૪૪૮૯ હતો.અકસ્માત થતા ડમ્ફરનો ચાલક બનાવ સ્થળેથી નાસી ગયેલો ત્યારબાદ ટોળુ ભેગુ થતા તેઓને બહારકાઢી ૧૦૮ માં સારવાર માટે માલપુર લાવેલ અને તેમનામાંથી અમુક ઈસમોને ગંભીર ઈજાઓ થયેલ હોય મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં લઈ ગયેલ અને આ અકસ્માતમાં કલ્પેશભાઇને ગંભીર ઈજાઓ થયેલ હોય તેઓનુ અવશાન થયેલુ તથા સુરેશભાઈને નાક ઉપર અને માથાના ભાગે તથા ડાબા પગે ફેક્ચર થયેલ તેમની વધુ સારવાર એઈમ્સ હોસ્પીટલ મોડાસા  થયેલ તથા આ અકસ્માતમાં ઉષાબેનને માથાના ભાગે તેમજ ખભાના ભાગે બંન્ને પગો પર ઈજાઓ થયેલ તથા સેજલબેન અને અલ્પેશભાઈને પણ ગંભીર ઈજાઓ થતા મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ આ અકસ્માતમાં દીલીપભાઈને ડાબા પગે સાથળના ભાગે ઈજાઓ થયેલ બનાવ સમયે અકસ્માત કરનાર આઈવા ડમ્ફર ગાડીની ઝડપ કેટલી હતી તથા અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતુ હતુ તેની તેઓને ખબર નથી.બનાવ બાબતે ત.ક.અ.એ તેઓનું નિવેદન લીધેલ. આરોપીને તેઓ ઓળખતા નથી.

વધુમાં, સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જેમા વિ.એ.પી.પી.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ જણાવેલ છે  કે, એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આઈવા ડમ્ફરના ચાલકે તેના કબજાનું ડમ્ફર પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સામેથી ટકકર મારતા અકસ્માતનો બનાવ બનેલો.

વધુમાં, આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે,અકસ્માત કરનાર વાહન ચાલકને તેઓ ઓળખતા નથી. બનાવ સમયે અકસ્માત કરનાર વાહનની ઝડપ કેટલી હતી તેની તેઓને ખબર નથી.બનાવ સમયે રાત્રે સાડા દશ કલાકે અંધારુ હોય અકસ્માત કરનાર

વાહનનો નંબર તેઓએ જોયેલ નહી. પોલીસે ફકત તેઓનુ નામ પુછેલુ તે સીવાય બીજુ કઈ પુછેલ નહી. અકસ્માતમાં ગુજરનાર તેમજ ઈજા પામનાર તેમના સંબધીઓ હોય વળતર મેળવવા માટે ખોટી ફરીયાદ કરેલ છે અને તેના સમર્થનમાં આજરોજ તેઓએ ખોટી જુબાની આપી છે.

(૧૨)... ફરિયાદપક્ષ તરફે **આંક–૧૬થી સાહેદ અલ્પેશભાઈ રિશ્માબેન મકવાણાનાઓને** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવની ચોકકસ તારીખ તેઓને યાદ નથી.પરંતુ બનાવ એક વર્ષ અગાઉ બનેલ બનાવ સમયે દીલીપભાઇ તેમનુ ટેકટર નં.જી.જે.૨૦ એન.૮૫૭૯ ટોલી સાથે લઇને તેઓ તથા દીલીપભાઈ મકવાણા,સુરેશભાઇ કાળુભાઇ મકવાણા, કૈલાશબેન દીનેશભાઈ, કલ્પેશભાઇ રીસ્માભાઈ મકવાણા, ઉષાબેનને, સેજલબેન રીસ્માભાઈ મકવાણા નાઓ પ્રાંતિજ મુકામે મજુરી માટે જતા હતા અને બનાવ સમયે દીલીપભાઈ ટેકટર ચલાવતા હતા રાત્રે સાડા દશ વાગે માલપુર થી સોમપુર ચોકડી થઈ તેઓ બધા ધનસુરા તરફ જતા હતા ત્યારે લાલાવાડા ગામની સીમમાં સામેથી આઈવા ડમ્ફરનો ચાલક તેનુ ડમ્ફર લઈને આવેલ અને તેમના ટેકટરને આગળના ભાગેથી ટકકર મારી અકસ્માત કરેલ જેથી ટેકટર પલટી ખાઈ ગયેલ અને તે વખતે તેઓ તમામ ઈસમો ટેકટરની બહાર ફેકાઈ ગયેલ અને તેઓ તમામને શરીરે વત્તા ઓછી ઈજાઓ થયેલ અને અકસ્માત કરનાર ડમ્ફરનો આર.ટી.ઓ રજી.નં.જી.જે.૩૧ ટી.૪૪૮૯ હતો.અકસ્માત થતા ડમ્ફરનો ચાલક બનાવ સ્થળેથી નાસી ગયેલો ત્યારબાદ ટોળુ ભેગુ થતા તેઓને બહારકાઢી ૧૦૮ માં સારવાર માટે માલપુર લાવેલ અને તેમનામાંથી અમુક ઈસમોને ગંભીર ઈજાઓ થયેલ હોય મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં લઈ ગયેલ અને આ અકસ્માતમાં કલ્પેશભાઈને ગંભીર ઈજાઓ થયેલ હોય તેઓનુ અવશાન થયેલુ તથા સુરેશભાઈને નાક ઉપર અને માથાના ભાગે તથા ડાબા પગે ફ્રેક્ચર થયેલ તેમની વધુ સારવાર એઈમ્સ હોસ્પીટલ મોડાસા થયેલ તથા આ અકસ્માતમાં ઉષાબેનને માથાના ભાગે તેમજ ખભાના ભાગે બંન્ને પગો પર ઈજાઓ થયેલ તથા સેજલબેન અને તેઓને પણ ગંભીર ઈજાઓ થતા મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ આ અકસ્માતમાં દીલીપભાઈને ડાબા પગે સાથળના ભાગે ઈજાઓ

થયેલ બનાવ સમયે અકસ્માત કરનાર આઈવા ડમ્ફર ગાડીની ઝડપ કેટલી હતી તથા અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતુ હતુ તેની તેઓને ખબર નથી.બનાવ બાબતે ત.ક.અ.એ તેઓનું નિવેદન લીધેલ. આરોપીને તેઓ ઓળખતા નથી.

વધુમાં, સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જેમા વિ.એ.પી.પી.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ જણાવેલ છે કે, એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આઈવા ડમ્ફરના ચાલકે તેના કબજાનું ડમ્ફર પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સામેથી ટકકર મારતા અકસ્માતનો બનાવ બનેલો.

વધુમાં, આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે,અકસ્માત કરનાર વાહન ચાલકને તેઓ ઓળખતા નથી. બનાવ સમયે અકસ્માત કરનાર વાહનની ઝડપ કેટલી હતી તેની તેઓને ખબર નથી.બનાવ સમયે રાત્રે સાડા દશ કલાકે અંધારુ હોય અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓએ જોયેલ નહી. પોલીસે ફકત તેઓનુ નામ પુછેલુ તે સીવાય બીજુ કઈ પુછેલ નહી. અકસ્માતમાં ગુજરનાર તેમજ ઈજા પામનાર તેમના સંબધીઓ હોય વળતર મેળવવા માટે ખોટી ફરીયાદ કરેલ છે અને તેના સમર્થનમાં આજરોજ તેઓએ ખોટી જુબાની આપી છે.

(૧૩)... ફરિયાદપક્ષ તરફે **આંક–૧૭થી સાહેદ સુરેશભાઈ કાળુભાઈ મકવાણા મકવાણાનાઓને** સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવની ચોકકસ તારીખ તેઓને યાદ નથી.પરંતુ બનાવ એક વર્ષ અગાઉ બનેલ બનાવ સમયે દીલીપભાઇ તેમનુ ટેકટર નં.જી.જે.૨૦ એન.૮૫૭૯ ટોલી સાથે લઇને તેઓ તથા દીલીપભાઇ મકવાણા,ઉષાબેન,કૈલાશબેન દીનેશભાઇ, કલ્પેશભાઇ રીસ્માભાઇ મકવાણા, અલ્પેશભાઇ રીસ્માભાઇ મકવાણા,, સેજલબેન રીસ્માભાઇ મકવાણા નાઓ પ્રાંતિજ મુકામે મજુરી માટે જતા હતા અને બનાવ સમયે દીલીપભાઇ ટેકટર ચલાવતા હતા રાત્રે સાડા દશ વાગે માલપુર થી

સોમપુર ચોકડી થઇ તેઓ બધા ધનસુરા તરફ જતા હતા ત્યારે લાલાવાડા ગામની સીમમાં સામેથી આઇવા ડમ્ફરનો ચાલક તેનુ ડમ્ફર લઇને આવેલ અને તેમના ટેકટરને આગળના ભાગેથી ટકકર મારી અકસ્માત કરેલ જેથી ટેકટર પલટી ખાઇ ગયેલ અને તે વખતે તેઓ તમામ ઇસમો ટેકટરની બહાર ફેકાઇ ગયેલ અને તેઓ તમામને શરીરે વત્તા ઓછી ઈજાઓ થયેલ અને અકસ્માત કરનાર ડમ્ફરનો આર.ટી.ઓ રજી.નં.જી.જે.૩૧ ટી.૪૪૮૯ હતો.અકસ્માત થતા ડમ્ફરનો ચાલક બનાવ સ્થળેથી નાસી ગયેલો ત્યારબાદ ટોળુ ભેગુ થતા તેઓને બહારકાઢી ૧૦૮ માં સારવાર માટે માલપુર લાવેલ અને તેમનામાંથી અમુક ઇસમોને ગંભીર ઈજાઓ થયેલ હોય મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં લઇ ગયેલ અને આ અકસ્માતમાં કલ્પેશભાઇને ગંભીર ઈજાઓ થયેલ હોય તેઓનુ અવશાન થયેલુ તથા તેઓને નાક ઉપર અને માથાના ભાગે તથા ડાબા પગે ફેક્ચર થયેલ તેમની વધુ સારવાર એઇમ્સ હોસ્પીટલ મોડાસા થયેલ તથા આ અકસ્માતમાં ઉષાબેનને માથાના ભાગે તેમજ ખભાના ભાગે બંન્ને પગો પર ઈજાઓ થયેલ તથા સેજલબેન અને તેઓને પણ ગંભીર ઈજાઓ થતા મોડાસા સાર્વજનીક હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ આ અકસ્માતમાં દીલીપભાઇને ડાબા પગે સાથળના ભાગે ઈજાઓ થયેલ બનાવ સમયે અકસ્માત કરનાર આઇવા ડમ્ફર ગાડીની ઝડપ કેટલી હતી તથા અકસ્માત કરનાર વાહન કોણ ચલાવતુ હતુ તેની તેઓને ખબર નથી.બનાવ બાબતે ત.ક.અ.એ તેઓનું નિવેદન લીધેલ. આરોપીને તેઓ ઓળખતા નથી.

વધુમાં, સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. જેમા વિ.એ.પી.પી.શ્રી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ જણાવેલ છે કે, એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આઈવા ડમ્ફરના ચાલકે તેના કબજાનું ડમ્ફર પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સામેથી ટકકર મારતા અકસ્માતનો બનાવ બનેલો.

વધુમાં, આરોપી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે,અકસ્માત કરનાર વાહન ચાલકને તેઓ ઓળખતા નથી.

બનાવ સમયે અકસ્માત કરનાર વાહનની ઝડપ કેટલી હતી તેની તેઓને ખબર નથી.બનાવ સમયે રાત્રે સાડા દશ કલાકે અંધારુ હોય અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓએ જોયેલ નહી. પોલીસે ફકત તેઓનુ નામ પુછેલુ તે સીવાય બીજુ કઇ પુછેલ નહી. અકસ્માતમાં ગુજરનાર તેમજ ઈજા પામનાર તેમના સંબધીઓ હોય વળતર મેળવવા માટે ખોટી ફરીયાદ કરેલ છે અને તેના સમર્થનમાં આજરોજ તેઓએ ખોટી જુબાની આપી છે.

**(૧૪)...** ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ઉપરોકત સાહેદોનો મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવાઓનું પુરાવાકીય અવલોકન કરવામાં આવે તો ફરિયાદી તથા સાહેદોએ તેમની જુબાનીમાં બનાવ સમયે મોજે સોમપુરથી ધનસુરા તરફ જતા રોડ ઉપર લાલાવાડા ગામની સીમમાં આ કામનાં આઈવા ડંફર નંબર- **GJ-31-T-4489** ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી આવતા સ્વરાજ ટ્રેકટર નંબર- **GJ-20-N-8579** ને સામેથી ટકકર મારી ટ્રેકટરને ટ્રોલી સાથે પલ્ટી ખવડાવી ટ્રેકટરમાં બેસેલ આ કામનાં ફરિયાદીશ્રી તેમજ સાહેદો (૧) કલ્પેશભાઈ રિશ્માભાઈ મકવાણા ઉ.વ.૨૭ (૨) સુરેશભાઈ કાળુભાઈ મકવાણા ઉ.વ.૨૨ નાઓને ડાબા પગે ફ્રેકચર કરી તેમજ (૩) ઉષાબેન દિલીપભાઈ મકવાણા ઉ.વ.૨૫ (૪) સેજલબેન રિશ્માભાઈ મકવાણા ઉ.વ.૧૮ (૫) અલ્પેશભાઈ રિશ્માભાઈ મકવાણા ઉ.વ.૧૮ નાઓને શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી પોતાનું વાહન સ્થળ ઉપર મુકી નાસી ગયેલ. આમ, ફરિયાદી તથા આ સાહેદોનાં મૌખિક પુરાવાનાં આધારે આ કામે અકસ્માતનો બનાવ બનેલ. પરંતુ અકસ્માત કરનાર વાહનનાં ચાલક વિશે કોઈ હકીકત જણાવેલ નથી. આમ, રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવો ફરીયાદપક્ષને મદદરુપ થાય તેવો નથી. આ કામના આરોપીની કહેવાતા ગુન્હામાં સંડોવણી હોવાની હકીકત પુરવાર થતી નથી.

વધુમાં, સદર કામે આંક-૧૮થી મરણોત્તર પંચનામુ, આંક-૧૯થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક-૨૦થી સ્થળ પરિક્ષણ અહેવાલ, આંક-૨૧

થી ઉષાબેન દિલીપભાઈ મકવાણાનું સારવાર સર્ટીફીકેટ, આંક–૨૨થી કૈલાશબેન દિનેશભાઈ મકવાણાનું સારવાર સર્ટીફીકેટ, આંક–૨૩થી એમ.એલ.સી સર્ટીફીકેટ, આંક–૨૪થી કલ્પેશભાઈ રિશ્માભાઈની પી.એમ.નોટ, આંક–૨૫થી વ્હીકલ ઈન્સપેકશન રીકવેસ્ટનો રીપોર્ટ તથા આંક– ૨૬થી એકિસડેન્ટ ઈન્સપેકશન રીપોર્ટ રજુ થયેલ છે જે ઘ્યાને લેતા પંચનામા તથા અકસ્માત અંગેની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે પરંતુ આ કામે જયારે ફરીયાદી તથા સાહેદોએ તેમના પુરાવામાં અકસ્માત આ કામના આરોપીની બેદરકારીના કારણે બનેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. તેવા સંજોગોમાં માત્ર સદરહુ હકીકતો ગ્રાહય રાખી તેના આધારે આ કામનાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૫)... આ કામે રેકર્ડ પર આવેલ પુરાવો ઘ્યાને લઈએ તો, બનાવમાં સંડોવાયેલ વાહનનો ચાલક કોણ હતો ? તેવી મહત્વની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર નોંધાવી શકેલ નથી. તેમજ બનાવ સમયે અકસ્માતમા સંડોવાયેલ વાહન હાલના આરોપી પુરઝડપે, બેફીકરાઈ ભરી રીતે ચલાવતા હોય અને તેના કારણે ભોગ બનનારને ઈજા થયેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ, ફરીયાદ પક્ષે પોતાના પક્ષે નિ:શંકપણે પુરવાર કરવુ પડે કે, હાલના આરોપી ઉપર જે કલમોનુ તહોમત મુકેલુ છે તે ગુનો હાલના આરોપીએ જ કરેલ છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની રહે છે. જેથી આ કામે ઉપર ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપી ઉપર બી.એન.એસ.કોડની કલમ–૨૮૧,૧૦૬(૧)૧૨૫(એ),૧૨૫(બી),તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪(બી)મુજબનાં બદલનું આરોપ મુકેલ છે તે અનુસંધાને આ કામે ફરીયાદ પક્ષનો સંપુર્ણ પુરાવો વંચાણે લેવામાં

આવે તો હાલના જ આરોપી વાહન રસ્તા ઉપર બેદરકારી પુર્વક વાહન ચલાવતા હોય કે તેઓની બેદરકારીના કારણે બનાવ બનેલ તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોય આરોપીને અકસ્માત ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેમજ તે અકસ્માત કરી આરોપી નાસી ગયેલ હોય તે બાબત પણ રેકર્ડ ઉપરથી પુરવાર થતી ન હોય આ કામે આરોપીને એમ.વી.એકટ મુજબના ગુનામાં પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમાં, આ કામે આ સિવાય અન્ય કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી, તેવા સંજોગોમાં આરોપીને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૬)... આમ, હાલનો આ અકસ્માત હાલના આરોપીના વાહનની પૂરઝડપે અને બેદરકારીભર્યા ડ્રાઈવીંગને કારણે બનેલ હોવાની હકીકત સંબંધે ફરીયાદપક્ષે કોઈ પ્રત્યક્ષ , સ્પષ્ટ પુરાવાકીય હકીકતો રજુ નથી. આ કામનું સઘળુ રેકર્ડ ધ્યાને લેતા, આ કામે મહત્વની ગણી શકાય તેવી પુરાવાની હકીકતો ઉપરથી તા.૨૦.૦૨.૨૦૨૫ ના કલાક ૨૨/૩૦ વાગ્યે મોજે સોમપુરથી ધનસુરા તરફ જતા રોડ ઉપર લાલાવાડા ગામની સીમમાં આ કામનાં આઈવા ડંફર નંબર- **GJ-31-T-4489** ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી આવતા સ્વરાજ ટ્રેકટર નંબર– **GJ-20-N-8579** ને સામેથી ટકકર મારી ટ્રેકટરને ટ્રોલી સાથે પલ્ટી ખવડાવી ટ્રેકટરમાં બેસેલ આ કામનાં ફરિયાદીશ્રી તેમજ સાહેદો (૧) કલ્પેશભાઈ રિશ્માભાઈ મકવાણા ઉ.વ.૨૭ (૨) સુરેશભાઈ કાળુભાઈ મકવાણા ઉ.વ.૨૨ નાઓને ડાબા પગે ફ્રેકચર કરી તેમજ (૩) ઉષાબેન દિલીપભાઈ મકવાણા ઉ.વ.૨૫ (૪) સેજલબેન રિશ્માભાઈ મકવાણા ઉ.વ.૧૮ (૫) અલ્પેશભાઈ રિશ્માભાઈ મકવાણા ઉ.વ.૧૮ નાઓને શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી પોતાનું વાહન સ્થળ ઉપર મુકી નાસી ગયેલ હોવાની હકીકત

ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ , મુદ્દા નંબર–૧ ''**નકારમાં** '' નિર્ણીત કરી મુદ્દા નં.ર પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

## // આખરી હુકમ //

આ કામના આરોપી:– ગટુભાઈ ભગુભાઈ કટારા,ઉ.વ.૪૩, રહે. કટારાપાડા ધનગાવ, તા.ચીખલી,જી.ડુંગરપુર(રાજસ્થાન)નાઓને **બી. એન. એસ.એસ. ની કલમ– ૨૭૧(૧)** અન્વયે બી.એન.એસ.ની કલમ–૨૮૧ , ૧૦૬(૧)૧૨૫(એ),૧૨૫(બી),તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪,૧૩૪(બી) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના આરોપીએ **બી. એન. એસ.એસ. ની કલમ–૪૮૧(એ)**ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલતમાં અપીલ કે, પીટીશન થયેથી, જે–તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીના અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ– **૨૪મી,** માહે–**માર્ચ,**સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી – સંભળાવી, જાહેર કર્યો.

તા.૨૧/૦૪/૨૦૨૬
માલપુર.

(પૂજા સુરાણા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માલપુર.( જજ કોડ જીજે–૦૧૪૨૮)

એચ.એલ.મેર–પી.એ.